માંગણી નં.૦૬ મુખ્ય સદર-૫૦૫૧-બંદરો અને દિવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઇની યોજનાને સને ૨૦૧૮-૧૯ માટે ચાલુ બાબત તરીકે વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૨૨૦૧૭/૧૧૮૪/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ -

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ (મત્સ્યોદ્યોગ પ્રભાગ) ના ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૨૨૦૧૬/૧૬૦૭/ટ તા.૦૭/૦૪/૨૦૧૭

(૨) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ ગુમ/ટ-૧ /FSH-06/૧૭-૧૮/૬૬૩ તા.૧૫/૧૧/૨૦૧૭

(૩) મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ ગુમ/ટ-૧ /FSH-06/કેપુયો/૧૭-૧૮/૯૮૩ તા.૦૬/૦૩/૨૦૧૮

ઠરાવઃ-

૧. ઉકત વંચાણે લીધેલ ક્રમ-૧ સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી વાર્ષિક વિકાસ કાર્યક્રમમાં સમાવિષ્ટ માંગણી નં.૦૬ મુખ્ય સદર-૫૦૫૧-બંદરો અને દિવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઇને સને ૨૦૧૭-૧૮માં ચાલુ રાખવા માટે વહીવટી મંજુરી આપેલ છે.

૨. ઉકત વંચાણે લીધેલ ક્રમ-૨ સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી મત્સ્યોદ્યોગ કમિશ્નર કચેરી હસ્તકની (CSS 50%) ગોદી, લંગર સ્થાન અને જેટીનું બાંધકામ અંગેની યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં માગણી ક્માંકઃ ૦૬ નાં મુખ્ય સદર ક્રમાંકઃ ૫૦૫૧-૨૦૦-(૦૧) એફએસએચ-૦૬માં ચાલુ બાબત મૂડી સદર હેઠળ ભારત સરકારના હિસ્સા પેટે રૂ.૧૦૫૦૦.૦૦ લાખ અને રાજ્ય સરકારના હિસ્સા પેટે રૂ.૧૦૫૦૦.૦૦ લાખ એમ મળીને કુલ રૂ. ૨૧૦૦૦.૦૦ લાખની (સામાન્ય) અંદાજની જોગવાઈ કરવાની સૈધ્ધાંતિક મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૩. ઉકત વંચાણે લીધેલ ક્રમ-૩ સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મત્સ્યોદ્યોગ કમિશ્નર કચેરી હસ્તકની (CSS 50%) ગોદી, લંગર સ્થાન અને જેટીનું બાંધકામ અંગેની યોજના હેઠળ માગણી ક્માંકઃ ૦૬ નાં મુખ્ય સદર ક્રમાંકઃ ૫૦૫૧-૨૦૦-(૦૧) એફએસએચ-૦૬માં ચાલુ બાબત મૂડી સદર હેઠળ ભારત સરકારના હિસ્સા પેટે રૂ.૧૦૫૦૦.૦૦ લાખ અને રાજ્ય સરકારના હિસ્સા પેટે રૂ.૧૦૫૦૦.૦૦ લાખ એમ મળીને કુલ રૂ. ૨૧૦૦૦.૦૦ લાખની (સામાન્ય) અંદાજની જોગવાઈ કરવાની વહીવટી મંજૂરી આપવા માટેની દરખાસ્ત કરવામા આવેલ હતી.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મત્સ્યોદ્યોગ કમિશ્નર કચેરી હસ્તકની (CSS 50%) ગોદી, લંગર સ્થાન અને જેટીનું બાંધકામ અંગેની યોજના હેઠળ માગણી ક્રમાંક: ૦૬ ના મુખ્ય સદર ક્રમાંક: ૫૦૫૧-૨૦૦-(૦૧) એફએસએચ-૦૬માં ચાલુ બાબત મૂડી સદર હેઠળ ભારત સરકારના હિસ્સા પેટે રૂ.૧૦૫૦૦.૦૦ લાખ અને રાજ્ય સરકારના હિસ્સા પેટે રૂ.૧૦૫૦૦.૦૦ લાખ એમ મળીને કુલ રૂ. ૨૧૦૦૦.૦૦ લાખની (સામાન્ય) અંદાજની જોગવાઈ નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) સને- ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો- વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા-ધોરણને આધીન નીયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ / ૧૦૨૦૦૫- ૧૪૦૭- ચ. તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ- ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ હંગામી જગ્યાઓ આગામી વર્ષ માટે ચાલુ રાખવાની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ અંગેનો ખર્ચ તા. ૦૧/૦૪/૨૦૧૮થી કરવાનો રહેશે.

(૯) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે પાડવાનો રહેશે.
માંગણી નંબર-૦૬
મુખ્યસદર - ૫૦૫૧-બંદરો અને દીવાદાંડી અંગે મૂડી ખર્ચ જોગવાઈ
પેટા મુખ્ય સદર – ૦૨- નાના બંદરો
ગૌણ સદર- ૨૦૦ અન્ય નાના બંદરો
પેટા સદર - -(૦૧) એફએસએચ-૦૬ ગોદી, લંગર સ્થાન અને જેટીનું બાંધકામ કેન્દ્રીય પુરસ્કૃત યોજના. હેતુ સદર – ૫૩૦૦ – મોટા કામો

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી (કૃષિ) ની તા. ૨૩/૦૩/૨૦૧૮ ની તથા સચિવશ્રી (મત્સ્યોદ્યોગ ) ની તા. ૨૬/૦૩/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

(૩) સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૫) નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ

(૬) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ

(૮) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૦) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર

(૧૧) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) સીલેકટ ફાઇલ.